بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**રમઝાનમાં જ્યારે કે અધિકતર લોકોનું ધ્યાન મસ્જીદ તરફ પણ છે અને સામૂહિક નમાઝ અદા કરવા તરફ પણ છે તેની સાથે નવાફિલ તરફ પણ ધ્યાન આપવુ જોઇએ અને પછી તે દુઆઓ જે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપવા માટે અને અલ્લાહ તઆલાની નિકટતા મેળવા માટે છે તેને આપણે મહત્ત્વ આપવુ જોઇએ પ્રથમ દુઆ એ જ છે બાકી દુન્યવી દુઆઓ પાછળ આવવી જોઇએ. આપણી દુન્યવી જરૂરતોની દુઆઓ તો પછી અલ્લાહ તઆલા સ્વયં પુરી કરી દે છે.**

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.-17-06-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.

તશહુદ તઆઉઝ અને સુર: ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ સુર: બકરાની આયતની તિલાવત ફરમાવી.

અને જ્યારે મારા બંદા તારાથી મારા વિશે સવાલ કરે તો ખરેખર હું નજીક છું. હું દુઆ કરનારની દુઆનો જવાબ આપુ છું જ્યારે તે મને પુકારે છે. માટે તે પણ મારી વાત પર હાજર છુ કહે અને મારા પર ઇમાન લાવે જેથી તે હિદાયત મેળવે.

આ આયતને રોઝા રાખવાના હુકમ, તેની શર્તો અને તેના વિશે આદેશોની આયતોની વચ્ચે રાખીને અલ્લાહ તઆલાએ આપણને રમઝાન અને દુઆઓની કબૂલિયતના વિશેષ સંબંધ તરફ ધ્યાન અપાવ્યું છે. ઝઝરત ખલીફતુલ મસીહ પ્રથમ રઝી. એ આ વિશે બયાન કર્યુ કે રોઝા જે રીતે તકવા સિખવાનું કારણ છે તેવી જ રીતે અલ્લાહની નિકટતા મેળવવાનું પણ કારણ છે. રમઝાનનો મહિનો માત્ર દુઆઓની કબૂલિયત માટે જ નથી થઇ શકતો જ્યાં સુધી કે તેને તકવા સિખ્વા તકવાનુ જીવન ગુજારવા અને અલ્લાહની નિકટતા પ્રાપ્તિનો જરીયો બનાવવાનો પ્રયત્ન ન બનાવવામાં આવે અને જ્યારે આ પરિસ્થિતિ હશે તો અલ્લાહ તઆલા સાથે રમઝાનમાં પૈદા કરેલ તાલુક માત્ર રમઝાન સુધી જ સીમિત ન હશે બલ્કે કાયમી ફેરફાર જાહેર થશે. અલ્લાહ તઆલાએ પણ આ આયતમાં ફરમાવ્યું છે કે હું નજીક છું. આંહઝરત સ.અ.વ. એ ફરમાવ્યું કે આ મહિનામાં શૈતાનને જકડી દેવામાં આવે છે અને અલ્લાહ તઆલા નિકટ આવી જાય છે પરંતુ કોંની નિકટ આવે છે? તેના જે અલ્લાહ તઆલાની નિકટતા અનુભવે છે અથવા કરવા ચાહે છે અને તેના માટે અલ્લાહની વાત માને છે. અલ્લાહ તઆલાનો હૂકમ ફલયસ્તજીબુલિ પર અમલ કરવાનો પ્રયત્ન કરે છે અલ્લાહ તઆલાના આદેશો માલૂમ કરે છે અને તેના પર અમલ કરવા માટે હાજર છુ કહે છે. આ વાત પર વિશ્વાસ અને ઇમાન રાખે છે કે અલ્લાહ તઆલા સર્વ શકિતમાન છે જો હું તેના આદેશો પર અમલ કરતાં તેના માટે શુધ્ધ થતાં તેનાથી માંગુ તો તે મારી દુઆ સાંભળશે.

તે લોકો જે કહે છે કે અમે દુઆ કરીએ છીએ પરંતુ દુઆઓ કબૂલ નથી થતી તે પોતાનું નિરીક્ષણ પણ કરે કે કયાં સુધી ખુદા તઆલાના આદેશોનું પાલન છે? જો આપણા અમલ નથી આપણો ઇમાન ફકત રસ્મી છે તો પછી આપણુ આ કહેવુ ખોટુ છે કે અમોએ અલ્લાહને પુકાર્યો પરંતુ અમારી દુઆઓ કબૂલ નથી થઇ. હઝરત મસીહ મૌઉદ અ.સ. એ ફરમાવ્યું કે પ્રથમ વાત અલ્લાહ તઆલાએ આ બયાન ફરમાવી છે કે લોકો તકવા અને અલ્લાહના ખૌફની એવી હાલત પૈદા કરે કે હું તેનો અવાજ સાંભળુ. તકવા હોય,ખુદાથી ડરે ખુદાનો ખૌફ હોય તો પછી અલ્લાહ તઆલા અવાજ સાંભળે છે. બીજી વાત એ કે મારા પર ઇમાન લાવે કેવો ઇમાન? આ વાત પર ઇમાન કે ખુદા મોજૂદ છે અને તમામ શકિત અને કુદરત રાખે છે. ઇમાન બિલ ગૈબ હોય તો પછી અલ્લાહ તઆલા તરફથી એવુ જ્ઞાન પણ મળશે જેનાથી અલ્લાહના વજૂદ અને તે તમામ શકિતઓનો માલિક હોવાનો તેને દુઆનો જવાબ આપવાનો આભાસ પણ

થઇ જશે. પ્રથમ તો ઇન્સાનએ પોતાનનો ઇમાન કરવો પડશે પછી અલ્લાહ તઆલા કદમ વધારે છે અને પછી સબુત પણ મળશે. દુઆઓની કબૂલિયત તથા તેનો ફિલસુફો વગેરા પર હઝરત મસીહ મૌઉદ અ.સ. એ અનેક સ્થાને વિસ્તાર પૂર્વક પ્રકાશ નાખ્યો છે.

આપ ફરમાવે છે કે આ સાચી વાત છે કે જે શખ્સ યુકિત દ્વારા કામ નથી લેતો તે દુઆ નથી કરતો બલ્કે ખુદા તઆલાને અજમાવે છે. માટે દુઆ કર્યા પહેલા પોતાની તમામ શકિતઓ ખર્ચવી જરૂરી છે અને એ જ અર્થ દુઆનો છે. પહેલાં જરૂરી છે કે ઇન્સાન પોતાના કાર્યો ઇમાનમાં નજર કરે કેમકે ખુદા તઆલાની આદત છે કે સુધારણા માટે સાધનની જરૂર હોય છે. તે કોઇને કોઇ એવુ માધ્યમ પૈદા કરી દે છે કે જે સુધારણાનું કારણ બની જાય છે. તે લોકો આ સ્થાન પર વિચાર કરે જે કહે છે કે જ્યારે દુઆ થઇ તો સાધનની શુ જરૂર છે. તે નાદાન છે વિચારે કે દુઆ સ્વયં એક ગુપ્ત માધ્યમ છે જે અન્ય માધ્યમોને જન્મ આપે છે. ફરમાવ્યું કે ઇય્યાકા નઅબુદુ ની પ્રથમિકતા વ ઇય્યાકા નસ્તઇન પર જે દુઆના શબ્દો છે આ વાતની ખાસ સ્પષ્ટતા કરી રહ્યો છે. હેતુ એ કે અલ્લાહની આદત અમે એ જ જોઇએ છીએ કે તે સાધનનો પ્રબંધ કરી દે છે. જુઓ તરસ મીટાવા માટે પાણી અને ભૂખ મીટાવા માટે ભોજન ઉપલબ્ધ કરે છે પરંતુ અસ્બાબના દ્વારા. આ અસ્બાબનો સિલસિલો આ જ રીતે ચાલે છે અને ખુલ્કે અસ્બાબ જરૂર થાય છે કેમકે ખુદા તઆલાના આ બે નામ કાનલ્લાહુ અઝીઝન હકીમા. અઝીઝ તો એ છે કે દરેક કામ કરી આપવુ અને હકીમ એ છે કે દરેક કામ કોઇ હીકમત સમય પ્રમાણે કરે. જુઓ વનસ્પતિ અને ખનિજ પદાર્થોમાં વિભિન્ન પ્રકારની ખાસિયતો મૂકી છે. તરબુદને જ જોઇ લો કે તે એક બે તોલા સુધી દસ્ત લઇ આવે છે તેવી જ રીતે સકમૂનિયા છે. અલ્લાહ તઆલા આ વાતનુ તો સાર્મથ્ય રાખતો હતો કે આમ જ દસ્ત આવી જાય અથવા પાણી વિના જ તરસ મટી જાય. પરંતુ કેમ કે પ્રકૃતિના ભેદોનુ જ્ઞાન આપવુ પણ જરૂરી હતુ કારણ કે જેટલી જાણકારી તથા પ્રાકૃતિક ભેદોનુ જ્ઞાન વિસ્તૃત થતો જાય છે તેટલો જ ઇન્સાન અલ્લાહ તઆલાની વિશેષતાઓની જાણકારી પ્રાપ્ત કરીને નિકટતા પ્રાપ્ત કરવાને યોગ્ય થઇ જાય છે.

આપ ફરમાવે છે કે માંગવુ ઇન્સાનની આદત છે અને અલ્લાહ તઆલાની કબૂલીયતને જે નથી સમજતો અને નથી માનતો તે જુઠો છે બાળકનો દાખલો જે મેં બયાન કર્યો છે તે દુઆની ફિલોસફી ખુબ હલ કરી બતાવે છે. રહેમાનીયત અને રહીમીયત બે નથી જે એક ને છોડીને બીજાને પકડે છે તેને મળી નથી શકતુ. રહેમાનીયતની ખાસીયત એ છે કે તે આપણામાં રહીમીયતથી ફૈઝ ઉઠાવાની શકિત પૈદા કરે. જે આવુ નથી કરતો તે વરદાનોનો ઇન્કારી છે ઇય્યાકા નઅબુદુ નો અર્થ એ જ છે કે અમે તારી ઇબાદત કરીએ છીએ તે પ્રત્યક્ષ સાધનો તથા માધ્યમો દ્વારા જે તે અતા કર્યા છે જુઓ આ જીભ જે નસો અને સ્નાયુથી છે જો એવી ન હોત તો આપણે બોલી ન શકતા. ફ્રરમાવ્યુ કે આવી જીભ દુઆ માટે અતા કરી છે જે દિલના વિચારો પણ જાહેર કરી શકે. જો આપણે દુઆનુ કામ જીભથી કદાપિ ન લઈએ તો આ આપણુ દુભાગ્ય છે. ઘણી બધી બિમારીઓ એવી છે જો તે જુબાનને લાગી જાય તો તેજ સમયે જુબાન તેનુ કામ છોડી દે છે ઇન્સાન બોબડો થઇ જાય છે આ કેવી રહીમીયત છે કે આપણને જુબાન આપી રાખી છે તેવી જ રીતે કાનની બનાવટમાં ફરક આવી જાય તો કાંઇ સંભળાય નહી તેવી જ રીતે દિલની હાલત છે તે જે નમ્રતા વિનય રાખ્યુ છે અને વિચારની કુવ્વત રાખી છે જો બિમારી આવી જાય તો લગભગ બેકાર થઇ જાય છે. પાગલને જુઓ કે તેની કુવ્વત કેવી બેકાર થઇ જાય છે. તો શું આપણા માટે જરૂરી નથી કે તે અલ્લાહની નેઅમતોની કદર કરીએ? જો અલ્લાહ તરફથી મળેલ કુવ્વતને બેકાર છોડી તો લા રૈબા આપણે કાફીર નેઅમત છીએ. માટે યાદ રાખો કે જો આપણી કુવ્વતો અને શકિતઓને બેકાર છોડીને દુઆ કરીએ છીએ તો દુઆ કોઇ ફાયદો ન આપશે કેમકે આપણે પહેલા બક્ષિસથી કોઇ કામ નથી લીધુ તો બીજાને કયારે પોતાના માટે કાયદા કારક બનાવી શકીએ છીએ.

અલ્લાહ તઆલાની સાચી મહોબ્બત મેળવવા માટે ઇન્સાને કેવો હોવો જોઇએ જેના પરિણામે અલ્લાહ તઆલા દુઆઓ પણ સાંભળે અને પોતાની નિકટતાનો ઇઝહાર પણ કરે.

તે વિશ હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે

શર્ત એ છે કે મહોબ્બત અને ઇખ્લાસ ખુદા તઆલા સાથે હોય. ખુદાની મહોબ્બત એવી વસ્તુ છે જે ઇન્સાનના પાપી જીવનને બાળીને તેને એક નવુ અને પવિત્ર ઇન્સાન બનાવી દે છે. તે સમયે તે તે જુએ છે જે પહેલા ન જોતો હતો અને તે સાંભળે છે જે તે પહેલા ન સાંભળતો હતો. ખુદા તઆલાએ જે કંઇ પોતાની કૃપા અને દયાથી ઇન્સાન માટે તૈયાર કરી છે તેને મેળવવા તથા તેનાથી લાભાર્થી થવા માટે સાર્મથ્ય પણ આપ્યુ છે તેના દ્વારા જો આપણે કામ ન લઇએ.અને ખુદા તઆલા તરફ કદમ ન વધારીએ તો કેટલી આળસ અને ઢીલાપણુ તથા નાશુક્રી છે.

અલ્લાહ તઆલાને ઓળખ પ્રાપ્તિના સાધન શુ છે તેની વ્યાખ્યા કરતા આપ ફરમાવે છે કે આ સાચી વાત છે કે મનુષ્ય દુર્બળ પ્રાણી છે તે અલ્લાહની કૃપા અને દયા વિના કંઇ પણ નથી કરી શકતો ફઝલ ન હોય તો ઇન્સાન કઇ નથી કરી શકતો તેનુ અસ્તિત્વ તથા પાલન પોષણ તથા સ્થાઇત્વનો પ્રબંધ બધુ અલ્લાહ તઆલાની કૃપા પર આધારિત છે. મૂર્ખ છે તે ઇન્સાન જે પોતાની બુધ્ધિ તથા શકિત અને પોતાની ધન સંપત્તિ પર ગર્વ કરે છે કેમકે આ બધુ અલ્લાહ તઆલા એ જ આપ્યુ છે તે કયાંથી લાવ્યો ? અને દુઆ માટે આ જરૂરી વાત છે કે ઇન્સાન પોતાની દુર્બળતા તથા અસહાય હોવાનો સંપૂણ વિચાર કરે. જેમ જેમ તે પોતાની દુર્બળતા પર વિચાર કરશે તેટલી જ પોતાને અલ્લાહ તઆલાની સહાયતાનો મોહતાજ છે તેમ જણાશે અને આ રીતે તેની અંદર દુઆ માટે એક જોશ પૈદા થશે. જયારે ઇન્સાન દુ:ખ તથા તંગી અનુભવે છે તો ખુબ જોરથી પુકારે છે અને ચીખે છે અને બીજાથી સહાયતા માંગે છે. તેવી જ રીતે જો તે પોતાની દુર્બળતાઓ અને ભૂલો પર વિચાર કરશે અને પોતાને પ્રત્યેક સમયે અલ્લાહ તઆલાની સહાયતા મેળવનાર ઇચ્છશે તો તેની આત્મા પુરા જોશ અને દર્દથી વ્યાકુળ થઇને અલ્લાહની ડેલીએ પડશે અને યા રબ યા રબ કહીને પુકારશે.

હુઝુર અનવરે ફરમાવ્યુ કે સૌથી પહેલા તો આપણે આપણા દીનને બચાવવાની દુઆ કરવી જોઇએ. જયારે ઇન્સાન એવુ કરે તો પછી અલ્લાહ તઆલાની નિકટતાના માર્ગ ખુલી જાય છે અને શેષ દુઆઓ આપ મેળે જ કબૂલ થાય છે અલ્લાહ તઆલાએ પોતાની નિકટતા તથા દુઆની કબૂલીયતના માર્ગો બતાવ્યા છે તેમાથી ઉત્તમ સાધન નમાઝની અવસ્થા બતાવી છે આ વિશે હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે

નમાઝનો વાસ્તવિક ઉદ્દેશ અને સાર દુઆ જ છે અને દુઆ માંગવુ અલ્લાહ તઆલાના પ્રાકૃતિક નિયમ અનુસાર છે. દા.ત. આપણે જોઇએ છીએ કે જ્યારે બાળક રડે છે તથા વ્યાકુળતા પ્રગટ કરે છે તો માતા કેટલી વ્યાકુળ થઇને તેને દુધ આપે છે. અલ્લાહ અને તેના બંદા વચ્ચે પણ એવો જ સંબંધ છે જેને પ્રત્યેક વ્યકિત નથી સમજી શકતો જ્યારે ઇન્સાન અલ્લાહના દ્વાર પર પડે છે અને શિષ્ટતા તથા વિનમ્રતા સાથે તેને સમક્ષ પોતાની પરિસ્થિતિઓ જણાવે છે અને તેનાથી પોતાની આવશ્યકતા માંગે છે તો અલ્લાહની દયાને જોશ આવે છે અને એવા વ્યકિત પર દયા કરવામાં આવે છે અલ્લાહ તઆલાના ફઝલો કરમનો દુધ પણ એક પ્રકારની પુકાર ચાહે છે અલ્લાહ તઆલાની દયાનુ દુધ જો પીવુ છે તેની કૃપા અને દયાથી લાભાર્થી થવુ છે તો તેના માટે વિનયતા તથા વિનમ્રતા રડવુ પડશે ફરમાવ્યુ કે તેના માટે તેની સમક્ષ રોનાર આંખ પેશ કરવી જોઇએ.

રમઝાનમાં જ્યારે કે અધિકતર લોકોનું ધ્યાન મસ્જીદ તરફ પણ છે અને સામૂહિક નમાઝ અદા કરવા તરફ પણ છે તેની સાથે નવાફિલ તરફ પણ ધ્યાન આપવુ જોઇએ અને પછી તે દુઆઓ જે દીનને દુનિયા પર પ્રથમિકતા માટે અને અલ્લાહ તઆલાની નિકટતા મેળવા માટે છે તેને આપણે મહત્ત્વ આપવુ જોઇએ પ્રથમ દુઆ એ જ છે બાકી દુન્યવી દુઆઓ પાછળ આવવી જોઇએ. આપણી દુન્યવી જરૂરતોની દુઆઓ તો પછી અલ્લાહ તઆલા સ્વયં પુરી કરી દે છે.

અત્યારે હું હઝરત મસીહ મૌઉદ અ.સ.ની એક દુઆ પણ પેશ કરુ છુ જેને આ દિવસોમાં આપણે વિશેષ રૂપથી કરવી જોઇએ જેથી અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થાય. અલ્લાહ તઆલાથી આપે આ દુઆ કરી હતી કે

હે રબ્બુલ આલમિન, તારા ઉપકારોનો હું શુક્ર અદા નથી કરી શકતો તૂ ખુબ જ દુયાળુ અને કૃપાળુ છે તથા તારા ઉપકારો મારા પર અસંખ્ય છે મારા પાપોને માફ કરી દે જેથી મારો વિનાશ ન થઇ જાય. મારા દિલમાં શુધ્ધ મહોબ્બત નાખ જેથી મને જીવન પ્રાપ્ત થાય અને મારા પાપોને છુપાવી લે તથા મારાથી એવા કામ કરાવ કે જેથી તૂ પ્રસન્ન થાય હું તારી જ દયાથી આ વાતની શરણ ચાહુ છુકે તારો પ્રકોપ મારા પર ન આવે. દયા કર તથા દુનિયા અને આખિરતની દુવિધાથી મને બચા કે પ્રત્યેક દયા અને કૃપા તારા જ હાથમાં છે. આમીન, સુમ્મા આમીન

અલ્લાહ કરે કે આપણે દુઆઓની વાસ્તવિકતા સમજનાર બનીએ આ રમઝાન આપણને તે લોકોમાં સામેલ કરે અને પછી તેના પર હંમેશા કાયમ રાખે જે ખુદા તઆલા પર ઇમાનમાં મજબૂત હોય છે. તેના આદેશો સાંભળે અને અમલ કરે છે અને પોતની પ્રત્યેક વાત પર અલ્લાહ તઆલાની ખુશીને આગળ રાખે છે. આપણા કાર્યો શુધ્ધતા પૂર્વક અલ્લાહ તઆલાની ખુશી પ્રમાણે હોય અને આપણી શ્રધ્ધામાં પહેલાથી અધિક મજબૂતી પૈદા થાય. આપણામાં અલ્લાહ તઆલાની સાચી મહોબ્બત પૈદા થાય. અલ્લાહ તઆલા આપણને દુનિયા તથા આખિરતની મુસીબતથી પણ બચાવે. આમીન.

---

**Khulasa Khutba Jumma Huzoor Anwar 17 June 2016.**

**BOOK POST (PRINTED MATTER)**

TO,..........................................................................

..............................................................................

..............................................................................

Form: Maroor Manzil, Al-Aman Society, Narol,Ahmedabad-382405 (G.J)